| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 82 | Define clear timelines mandated through legislation for approval of complete application | Yes | |

https://revenuedepartment.gujarat.gov.in/downloads/gr_20052016_w.pdf

NoC for Tree Felling comes under the purview of Revenue Department and Forest & Environment Department in the State of Gujarat. Out of total 108 types of tree, 86 types are exempted under the NoC of Tree Felling. Forest and Environment has issued Government order vide notification no. PEN/2014/51/W dated 20th May 2016 for remaining 22 types. Out of this 22 types of tree, 17 types come under Revenue Department and 5 types come under Saurashtra Felling of Trees Act 1951, Forest & Environment Department. Following points are being covered under Government Order: replanting requirements, timelines for NoC for Tree Felling, Inspection procedure and upload inspection report within 48 hours.

ઉદ્યોગ અને વાણિજ્યના હેતુ સર ખાનગી જમીનો ઉપરના વૃક્ષો કાપવાની મંજુરી અને તેના પુનઃ વનિકરણ માટે ઇ-પોર્ટલ મારફત ઓનલાઇન મંજુરીની કાર્યપદ્ધતિ બાબત.

**ગુજરાત સરકાર**

**વન અને પર્યાવરણ વિભાગ**

**સચિવાલય, ગાંધીનગર**

**ઠરાવ ક્રમાંક : પીઇએન/૨૦૧૪/૫૧/W**

**તા.૨૦/૦૫/૨૦૧૬**

વચાંણે લીધા:-

૧.ગુજરાત સરકાર વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ઘ/ખ/૨૨/એસ.એસ.ટી./પી.એ.એન/૨૦૧૪/૫૧/W તા.૨૦-૧૦-૨૦૧૫

આમુખ

ખાનગી માલિકીની જમીનમાં ઉગેલ વૃક્ષોને કાપવા અંગેના નિયમન અને નિયંત્રણ બાબતે રાજ્યમાં **"સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન (શિક્ષા કરવા બાબતનો) અધિનિયમ ૧૯૫૧"** અમલમાં છે.

વન વિસ્તાર બહાર ખાનગી માલિકીની જમીનમાં વૃક્ષ વાવેતરને પ્રોત્સાહન આપવા તેમજ ખાનગી જમીન પરના વૃક્ષો અંગેના નિયમન / નિયંત્રણના હેતુથી વંચાણે લીધા સંદર્ભ-૧ થી ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જે અનુસાર યાદી "ક" માં દર્શાવેલ ૮૬ જાતના વૃક્ષોને કાપવા તેમજ વાહતુક કરવાની પરવાનગીમાંથી મુક્તિ આપેલ છે. પરંતુ ઠરાવમાં દર્શાવેલ ખાસ વિસ્તારોમાં લીમડો ,દેશી બાવળ, કણજી, આંબો અને આંબલી જેવા વૃક્ષો કાપવા તથા વાહતુક કરવા માટે સક્ષમ અધિકારીની પરવાનગી જરૂરી છે. આ ઉપરાંત યાદી "ખ" માં દર્શાવેલ ૨૨ જાતના બિનઅનામત વૃક્ષો તથા યાદીમાં દર્શાવેલ ૫ અનામત પ્રકારના વૃક્ષો કાપવાં તેમજ વાહતુક કરવા સક્ષમ અધિકારીની મંજુરી લેવાની થાય છે.

૨

ઉદ્યોગ અને વાણિજ્ય પ્રવૃતિઓને વેગ આપવા તેમજ કપાયેલ વૃક્ષો સામે પુનઃવનિકરણ સુનિશ્ચિત કરવાના હેતુ સર ખાનગી જમીનમાંથી વૃક્ષો કાપવા અને વાહતુક કરવાની મંજુરી, કાર્યપદ્ધતિ, સમયમર્યાદા, પુનઃવનિકરણની શરતો અને તેને આનુષાંગિક બાબતોમાં ફેરફાર કરી ઈ-પોર્ટલ મારફત Online સીસ્ટમથી મંજુરી આપવાની Ease of Doing Business અંતર્ગત Online વ્યવસ્થા ઉભી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

પુખ્ત વિચારણાના અંતે ઉદ્યોગ અને વાણિજ્યના હેતુ સર ખાનગી જમીનમાંથી વૃક્ષો કાપવાની મંજુરી, પુનઃવનિકરણ અને આનુષાંગિક બાબત અંગે નીચે મુજબની કાર્યપધ્ધિતિ અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે:

**વૃક્ષો કાપવાની મંજુરી અંગેની સામાન્ય શરતો.**

ઉદ્યોગ અને વાણિજ્યના હેતુ સર વૃક્ષ કાપવાની મંજુરી માટેની અરજી ફરજીયાત પણે Online સીસ્ટમથી કરવાની રહે છે.

વૃક્ષો કાપવા માટેની મંજુરીના હુકમ Online ઉપલબ્ધ થશે.

(૩) અનામત વૃક્ષોને કાપવાની મંજુરી નાયબ વન સંરક્ષક અને વાહતુક કરવાની મંજુરી વનપાલ આપશે.

(૪) બિન અનામત ૧૭ પ્રકારના વૃક્ષો કાપવા અને પરિશિષ્ટ-ક માં નિર્દિષ્ટ વિસ્તારમાં ૫(પાંચ) પ્રકારના વૃક્ષો કાપવાની મંજૂરી આપવાની સત્તા નીચે મુજબના અધિકારીઓ રહેશે.

| ક્રમ | વિસ્તાર | | સક્ષમ સત્તાઅધિકારી |
|---|---|---|---|
| ૧ | મહાનગર પાલિકા વિસ્તાર માટે | | મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા અધિકૃત કરેલ અધિકારી. |
| ૨ | શહેરી વિકાસ સત્તા મંડળ | | મુખ્ય કારોબારી અધિકારી |
| 3 | નગર પાલિકા વિસ્તાર માટે | | ચીફ ઓફિસર |
| ૪ | ગ્રામીણ વિસ્તારો માટે | | મામલતદાર |

(૫) પરિશિષ્ટ-ક માં દર્શાવેલ વિસ્તારોમાં નિયત થયેલ ૫(પાંચ) પ્રકારના વૃક્ષો અને ૧૭(સત્તર) બિન અનામત વૃક્ષો માટેના વાહતુક પાસ વન ખાતાના વનપાલ આપશે. જ્યારે અન્ય વિસ્તારોમાં

3

(૬) **ગાંડા બાવળ બાબતે વિશેષ જોગવાઈ**

અનામત જંગલ, રક્ષિત જંગલ કે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ ની કલમ-૪ હેઠળ જાહેર થયેલ વિસ્તાર, અભયારણ્ય અને રાષ્ટ્રિય ઉદ્યાન વિસ્તારની હદથી ૧.૬ કિ.મી. સુધી તથા દરિયાકાંઠેથી ૨ કિ.મી. સુધીના વિસ્તારમાંથી ગાંડા બાવળને કાપવા અને/અથવા તેના કોલસા બનાવવા માટેની પરવાનગી નાયબ વન સંરક્ષકશ્રીએ આપવાની રહેશે.

ઉપર ઉલ્લેખિત વિસ્તાર તેમજ કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર અને રાજકોટ જીલ્લાઓમાં કોલસાને વાહતુક કરવા માટેની પરવાનગી પરિક્ષેત્ર વન અધિકારીએ આપવાની રહેશે.

(૭) અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજી, પુનઃવનિકરણની બાંહેધરી, વૃક્ષ કાપવાનો મંજુરી હુકમ, મંજુરી ન અપાયેલ હોય તો તેના કારણો, પુનઃવનિકરણ અંગેનું સ્વપ્રમાણપત્ર, ખરાઈ અને ક્રોસ વેરીફીકેશનની વિગત, ખરેખર કપાયેલ વૃક્ષો અને તેમાંથી નિકળેલ માલની વિગત વગેરે Online Portal પર જોઈ શકાશે.

(૮) ઈન્સપેક્શનની પ્રક્રિયા અને તેનું ચેકલીસ્ટ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HoFF) ની વેબસાઈટ પર મુકવાના રહેશે.

(૯) અરજદારે અરજી સાથે ૭/૧૨ ના ઉતારા, હક્ક પત્રક-૮(અ) ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

(૧૦) વૃક્ષો કાપવા અને વાહતુક પાસ આપવાની મંજુરી અને આનુષાંગિક બાબતે નીચે મુજબની સમયમર્યાદા રહેશે.

Revenue Department and Forest & Environment Department's timeline for NoC related to Tree Felling Application

| ક્રમ | બાબત | સમયમર્યાદા |
|---|---|---|
| ૧ | અનામત વૃક્ષો કાપવાની મંજુરી | ૬૦ દિવસ |
| ૨ | બિન અનામત વૃક્ષો કાપવાની મંજુરી | ૩૦ દિવસ |
| ૩ | ગાંડો બાવળમાંથી કોલસા બનાવવાની મંજુરી | ૩૦ દિવસ |
| ૪ | વાહતુક પાસ/દાખલો આપવાની મંજુરી | ૩૦ દિવસ |
| ૫ | પુનઃવનિકરણ માટેની સમયમર્યાદા | ૧ વર્ષ |
| ૬ | પુનઃવનિકરણની ખરાઈ | ૬૦ દિવસ |
| ૭ | પુનઃવનિકરણના ક્રોસ વેરીફીકેશન | ૬૦ દિવસ |

**નોંધ**-વૃક્ષો કાપવા અને તેનો માલ વાહતુક કરવા માટે ૧૫-જુન થી ૧૫- ઓક્ટોબર સુધીનો સમયગાળો ઓફ-સીઝન ગણાશે,જેથી આ સમય દરમ્યાન મંજુરી અપાશે નહી. અને આ સમયગાળો તુમાર નિકાલના સમયગાળામાં ગણાશે નહી.

(૧૧) અનામત વૃક્ષો માટે પરિશિષ્ટ-અ તેમજ બીન અનામત વૃક્ષો માટે તથા મુક્તિ આપેલ યાદીના પ(પાંચ) વૃક્ષો માટે પરિશિષ્ટ-બ મુજબની જોગવાઇઓ લાગુ પડશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ગૌરવ દહિયા )
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી(વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મા. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રી/મા.નાયબ મંત્રીશ્રીઓ/મા. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજ્ય. સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો. સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, અરણ્ય ભવન,, સેકટર-૧૦એ, ગાંધીનગર (સંબધિત કચેરીઓને જાણ કરવા વિનતી સહ)
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય જીવ) અરણ્ય ભવન,, સેકટર-૧૦એ, ગાંધીનગર

૫

- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (એસ.એફ-૨) ગુજરાત રાજય.ગાંધીનગર તરફ જાણ સારૂ.,
- વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય.ગાંધીનગર તરફ સર્વે ગ્રામ પંચાયતોને પરિપત્ર કરવા અર્થે.
- નગર પાલિકા નિયામકશ્રી ગુજરાત રાજય.ગાંધીનગર તરફ સર્વે નગરપાલિકાઓને પરિપત્ર કરવા તથા અમલીકરણ કરવા અર્થે.
- સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશ્નરશ્રીઓ
- સર્વે કલેકટરશ્રીઓ/ સર્વે જલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / સર્વે નાયબ વન સંરક્ષકશ્રીઓ તરફ અમલીકરણ તથા ક્ષેત્રિય અધિકારીઓને પરિપત્ર કરવા અર્થે.
- વન અને પર્યાવરણ વિભાગને સર્વે શાખાઓ, સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/ અમદાવાદ.
- સીસ્ટમ મેનેજરશ્રી વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઓનલાઇન મુકવા અંગે જાણ સારૂ.,
- સિલકટ ફાઇલ.

૯

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાક:પીઇએન/૨૦૧૪/૫૧/Wતા.૨૦/૦૫/૨૦૧૬ નુ બિડાણ

## પરિશિષ્ટ-અ

## અનામત વૃક્ષો કાપવા અને વાહતુક મંજુરી માટેની જોગવાઇ

**અ-૧ અનામત વૃક્ષોની યાદી**

સાગ, સીશમ, મહુડો, ખેર અને ચંદન ને "અનામત વૃક્ષ" તરીકે નિર્દિષ્ટ કરવામાં આવે છે.

**અ-૨ અંરજી કરવાની પદ્ધતિ**

વૃક્ષો કાપવા માટેની મંજૂરી મેળવવા અરજદાર દ્વારા ઇ-પોર્ટલ પર ઓન લાઈન અરજી કરવાની રહેશે અને અરજી સાથે જેટલા વૃક્ષો કાપવાની મંજૂરી માંગેલ હોય તેની સામે ત્રણ ગણા વૃક્ષોની પુન:વનીકરણ કરવાની બાંહેધરી આપવાની રહેશે.

**અ-૩ તાંત્રિક અભિપ્રાય**

અરજી મળ્યાની ૩૦ દિવસમાં પરિક્ષેત્ર વન અધિકારીએ તાંત્રિક અભિપ્રાય આપવાનો રહેશે અને ૪૮ કલાકમાં ઓનલાઈન અપલોડ કરવાનો રહેશે. પરિક્ષેત્ર વન અધિકારી દ્વારા અપાયેલ કુલ તાંત્રીક અભિપ્રાયના કેસો પૈકી ૧૦ ટકા કેસોનું વેરીફીકેશન મદદનીશ વન સંરક્ષક દ્વારા કરવામાં આવશે.

**અ-૪ કાપવાની મંજુરી**

અરજદાર દ્વારા ઓન લાઈન અરજી કર્યા તારીખથી ૬૦ દિવસમાં સબંધિત નાયબ વન સંરક્ષક દ્વારા વૃક્ષ કાપવાની મંજુરી આપવાની રહેશે. અને તેની જાણ અરજદારને ઓનલાઇન અને SMS દ્વારા કરવાની રહેશે. સંજોગોવસાત આ સમયમર્યાદામાં મંજુરી આપી શકાય તેમ ન હોય,તો તેની જાણ પણ ઓનલાઇન અને SMS દ્વારા તે જ સમયમર્યાદામાં કરવાની રહેશે. જો ૬૦ દિવસમાં અરજદારને કોઈ પણ જાતની જાણ કરવામાં નહી આવે તો અરજદારને મંજૂરી (ડિમ્ડ પરમીશન) મળેલી ગણાશે. આવા કિસ્સામાં વ્યાજબી કારણો વગર વિલંબ બદલ સબંધિત નાયબ વન સંરક્ષકની જવાબદારી નક્કી કરવામાં આવશે.

**અ-૫ અરજદાર દ્વારા વૃક્ષ કપાયાની જાણ**

વૃક્ષોને કાપવાની મંજૂરી/ડિમ્ડ મંજૂરી મળ્યા બાદ અરજદાર દ્વારા વૃક્ષ કપાયા બાદ વાહતુક પાસ માટેની માંગણી ઓનલાઇન કરવાની રહેશે.

**અ-૬ વાહતુક પાસ**

અરજદાર દ્વારા ઓનલાઇન માંગણી મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં વનપાલ દ્વારા વાહતુક પાસ આપવાના રહેશે અને તે અંગેની વિગત ઓનલાઇન અપલોડ કરવાની રહેશે.

૭

અ-૭ **પુનઃવનીકરણ**

**૧.** વૃક્ષો કાપવા માટે મળેલ મંજૂરી/ ડીમ્ડ મંજુરીમાં દર્શાવેલ વૃક્ષોની સંખ્યાના ત્રણ (૩) ગણા વૃક્ષોનું એક વર્ષમાં પુનઃવનીકરણ કરવાનું રહેશે અને તે અંગેનું સ્વ-પ્રમાણપત્ર અરજદાર દ્વારા પોર્ટલ પર ઓન લાઈન મુકવાનું રહેશે.

**૨.ખરાઈઃ** અરજદાર દ્વારા સ્વ-પ્રમાણપત્ર ઓન લાઈન મુક્યાની તારીખથી ૬૦ દિવસના સમયગાળામાં સંબંધિત પરિક્ષેત્ર વન અધિકારી પુનઃવનીકરણની કામગીરીની ૧૦૦% સ્થળ તપાસ કરી તે અંગેની નોંધ ઓનલાઇન પોર્ટલ પર મુકવાની રહેશે.

**૩. ક્રોસ વેરીફીકેશનઃ** પુનઃવનીકરણની ૧૦૦% સ્થળ તપાસ અંગેની નોંધ થયા બાદ ૬૦ દિવસની સમયમર્યાદામાં પુનઃ વનીકરણ કેસો પૈકી ૧૦% કેસો રેન્ડમ સેમ્પલથી નક્કી કરી મદદનીશ વન સંરક્ષક દ્વારા ક્રોસ વેરીફીકેશન કરાવવાનું રહેશે અને તે અંગેની નોંધ પોર્ટલ પર ઓન લાઈન કરવાની રહેશે.

અ-૮ **રેકર્ડ નિભાવણી**

સબંધિત નાયબ વન સંરક્ષક દ્વારા નિયત નમુનામાં રજીસ્ટર અને તુમાર નિભાવવાના રહેશે.

(ગૌરવ દહિયા )
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ
ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાક:પીઇએન/૨૦૧૪/૫૧/Wતા.૨૦/૦૫/૨૦૧૬ નુ બિડાણ

## પરિશિષ્ટ-બ

**બીન અનામત વૃક્ષો તથા પરિશિષ્ટ-ક માં દર્શાવેલ વિસ્તારોમાં લીંબડો, દેશી બાવળ, કણજી, આંબો અને આંબલીની જાતોના વૃક્ષો કાપવા તથા વાહતુક કરવા માટેની મંજુરીની જોગવાઈ.**

**બ-૧ બિન અનામત વૃક્ષોની યાદી**

વડ, પીપળો, ટીમરુ, સીમળો, સાદડ, ખીજડો, કીલાઈ, સેવન, બીઓ, રોહ્ન, ધાવડો, કલમ, હળદરવો, હરડે, કડાઓ, રોહીડો, રાયણ કુલ -૧૭ (સત્તર) જાતના વૃક્ષોને ઉક્ત ઠરાવમાં "બિન અનામત" વૃક્ષો તરીકે નિર્દિષ્ટ કરવામાં આવેલ છે

**બ-૨ અરજી કરવાની પદ્ધતિ**

વૃક્ષો કાપવા માટેની મંજૂરી મેળવવા અરજદાર દ્વારા ઇ-પોર્ટલ પર ઓન લાઈન અરજી કરવાની રહેશે અને અરજી સાથે જેટલા વૃક્ષો કાપવાની મંજૂરી માંગેલ હોય તેની સામે નક્કી કરેલ બે ગણા વૃક્ષોની પુન:વનીકરણ કરવાની બાંહેધરી આપવાની રહેશે.

**બ-૩ તાંત્રિક અભિપ્રાય**

પરિશિષ્ટ-ક માં દર્શાવેલ વિસ્તારો માટે વૃક્ષ કાપવાની મંજુરી આપતા પહેલા સક્ષમ અધિકારીએ પરિક્ષેત્ર વન અધિકારીશ્રી પાસેથી તાંત્રિક અભિપ્રાય મેળવવાનો રહેશે.

વૃક્ષ કાપવાની મંજુરી આપનાર સક્ષમ અધિકારીનું લખાણ મળ્યાની તારીખથી સબંધિત પરિક્ષેત્ર વન અધિકારીએ ૩૦ દિવસમાં તાંત્રિક અભિપ્રાય આપવાનો રહેશે અને ૪૮ કલાકમાં ઓનલાઈન અપલોડ કરવાનો રહેશે. જો ૩૦ દિવસમાં તાંત્રિક અભિપ્રાય આપવામાં નહી આવે તો અભિપ્રાય મળેલો ગણાશે (ડીમ્ડ પરમીશન મળેલ ગણાશે)

**બ-૪ કાપવાની મંજુરી**

બિન અનામત ૧૭(સત્તર) વૃક્ષો તેમજ પરિશિષ્ટ-ક માં નિર્દીષ્ટ ૫(પાંચ) પ્રકારના વૃક્ષો માટે ઠરાવના ફકરા નં-૫ માં જણાવ્યા મુજબના મહેસુલી અધિકારીઓ સક્ષમ અધિકારી રહેશે.

વન નજીકના વિસ્તારો માટે તાંત્રિક અભિપ્રાય મળ્યાની તારીખથી તથા અન્ય વિસ્તાર માટે અરજદાર દ્વારા ઓન લાઈન અરજી કર્યા તારીખથી સરકારી કામકાજના ૭ દિવસમાં સબંધિત અધિકારી દ્વારા મંજુરીની જાણ અરજદારને ઓનલાઇન અને SMS દ્વારા કરવાની રહેશે. જો ૭ દિવસમાં અરજદારને કોઈ પણ જાતની જાણ કરવામાં નહી આવે તો અરજદારને મંજૂરી મળેલી ગણાશે(ડીમ્ડ પરમીશન મળેલ ગણાશે).

ઠરાવના ફકરા નં-૭ માં જણાવેલ વિસ્તારમાં ગાંડા બાવળને કાપવા અને/અથવા તેના

આપવાની રહેશે અને તેની જાણ અરજદારને ઓનલાઇન અને SMS દ્વારા કરવાની રહેશે. જો ૩૦ દિવસમાં અરજદારને કોઈ પણ જાતની જાણ કરવામાં નહી આવે તો અરજદારને મંજૂરી (ડીમ્ડ પરમીશન) મળેલી ગણાશે.

**બ-૫ અરજદાર દ્વારા વૃક્ષ કપાયાંની જાણ**

વૃક્ષોને કાપવાની મંજૂરી/ડિમ્ડ મંજૂરી મળ્યા બાદ અરજદાર દ્વારા વૃક્ષ કપાયા બાદ વાહતુક પાસ /દાખલા માટેની માંગણી ઓનલાઇન કરવાની રહેશે.

**બ-૬ વાહતુક પાસ/દાખલો**

૧. પરિશિષ્ટ-ક માં ઉલ્લેખિત વન નજીકના વિસ્તારો માટે ઓનલાઇન વાહતુક પાસ માટેની માંગણી મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં વન વિભાગના વનપાલ દ્વારા વાહતુક પાસ આપવાના રહેશે.

૨. દરિયાકાંઠાથી ૨ કિ.મી. અને વન અને અભયારણ્ય વિસ્તાર થી ૧.૬ કિ.મી. તથા કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર અને રાજકોટ જીલ્લાઓમાં પરિક્ષેત્ર વન અધિકારી દ્વારા દિન-૩૦ માં વાહતુક પાસ આપવાના રહેશે.

૩. વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં વૃક્ષ કાપવાની મંજુરી આપવા માટે સક્ષમ સત્તાધિકારીએ અધિકૃત કરેલ કર્મચારી/તલાટી કમ મંત્રી દ્વારા અરજદાર તરફથી ઓનલાઇન માંગણી મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં વાહતુક અંગેનો નિયત નમુનામાં દાખલો આપવાનો રહેશે.

૪. વૃક્ષ કાપવાની મંજુરી આપનાર અધિકારીશ્રીએ વાહતુક પાસ/ દાખલા અંગેની નોંધ પોર્ટલ પર ઓનલાઇન કરવાનીં રહેશે.

**બ-૭ પુનઃવનીકરણ**

**૧.** વૃક્ષો કાપવા માટે મંજૂરીમાં દર્શાવેલ હોય તેટલા વૃક્ષોની સંખ્યાના બે (૨) ગણા વૃક્ષો એક વર્ષમાં પુનઃવનીકરણ કરવાના રહેશે અને તે અંગેનું સ્વ પ્રમાણપત્ર અરજદાર દ્વારા પોર્ટલ પર ઓન લાઈન મુકવાનું રહેશે. ગાંડા બાવળના કપાયેલ વૃક્ષો સામે પુનઃવનીકરણ કરવાનું રહેશે નહી.

**૨. ખરાઈઃ** અરજદાર દ્વારા સ્વ-પ્રમાણપત્ર ઓન લાઈન મુક્યાની તારીખથી ૬૦ દિવસના સમયગાળામાં વૃક્ષ કાપવાની મંજુરી આપનાર સક્ષમ અધિકારી દ્વારા પુનઃવનીકરણની કામગીરીના ૧૦૦% સ્થળોની તપાસ કરાવી તે અંગેની નોંધ ઓનલાઇન પોર્ટલ પર મુકવાની રહેશે.

**૩. ક્રોસ વેરીફીકેશનઃ** પુનઃવનીકરણની ૧૦૦% સ્થળ તપાસ થયા અંગેની નોંધ થયા બાદ ૬૦ દિવસની સમયમર્યાદામાં પુનઃ વનીકરણના કેસો પૈકી ૧૦% કેસો રેન્ડમ સેમ્પલથી નક્કી કરી વૃક્ષ કાપવાની મંજુરી આપનાર સત્તાધિકારી દ્વારા ક્રોસ વેરીફીકેશન કરાવવાનું રહેશે અને તે અંગેની નોંધ પોર્ટલ પર ઓન લાઈન કરવાની રહેશે.

૧૭

બ-૮ **રેકર્ડ નિભાવણી**

વૃક્ષ કાપવાની મંજુરી આપનાર સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં વૃક્ષ રજીસ્ટર અને તુમાર નિભાવવાના રહેશે.

(ગૌરવ દહિયા )
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ
ગુજરાત સરકાર

૧૯

**વન અને પર્યાવરણ વિભાગ**

**ઠરાવ ક્રમાક:પીઇએન/૨૦૧૪/૫૧/Wતા.૨૦/૦૫/૨૦૧૬ નુ બિડાણ**

## પરિશિષ્ટ-ક

લીંબડો, દેશી બાવળ, કણજી, આંબો અને આંબલીના વૃક્ષો માટેની વિશેષ જોગવાઈ.

વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવથી મુકત કરેલ વૃક્ષો પૈકી લીંબડો, દેશી બાવળ, કણજી, આંબો અને આંબલીના વૃક્ષો માટે નીચેના વિસ્તારોમાં કાપવાની મંજુરી તથા વાહ્તુકની મંજુરી મેળવવાની થાય છે.

(૧) [illegible]ીવ આચ્છાદિત વિસ્તાર, જાહેર કરાયેલ વિસ્તાર, ઈકો સેન્સીટીવ વિસ્તાર..

(૨) અનામત વનની હદ, નેશનલ પાર્ક, સેન્ચ્યુરી, દરિયા કાંઠો, રણની હદના વિસ્તારના ૫ કિ.મી. માં.

(૩) ૫૦૦ મીટર એમએસએલ વિસ્તાર ઉપરનો વિસ્તાર (દરિયાઈ સપાટીથી)

(૪) રાષ્ટ્રીકૃત ધોરી માર્ગ, રાજ્ય ધોરી માર્ગ, જિલ્લા માર્ગોથી ૨૦૦ મીટરના અંતરમાં

(૫) ગુજરાત રાજ્યના નીચેના તાલુકાઓ – કપરાડા, ડાંગ, વાંસદા, વ્યારા, ઉચ્છલ, સોનગઢ, ઉમરપાડા, માંડવી, વાલોડ, તિલકવાડા, દેડિયાપાડા, સાગબારા, નિઝર, ક્વાંટ, પાવી જેતપુર તાલુકા, છોટાઉદેપુર, નસવાડી, સંખેડા, જાંબુઘોડા, ખાનપુર, દેવગઢબારીયા, ગરબાડા, લીમખેડા, દાહોદ, ઝાલોદ, ફતેપુર, મોરવા(હડફ), હાલોલ, ઘોઘંબા, કાલોલ, ગોધરા, શહેરા, લુણાવાડા, સંતરામપુર, કડાણા, ખાનપુર, વિરપુર, બાયડ, માલપુર, ધનસુરા, મોડાસા, મેઘરજ, ભીલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, દાંતા, મેદરડા, માળીયા, તાલાલા, ઉના, ખાંભા, ધારી, વિસાવદર, જુનાગઢ અને વંથલી.

(ગૌરવ દહિયા )
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ
ગુજરાત સરકાર